# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## SAURASHTRA VARSAD

રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ થયો છે. જૂનાગઢ જિલ્લાના વંથલીમાં 14 ઇંચ, વિસાવદરમાં 13 ઇંચ જૂનાગઢ શહેરમાં 12 ઇંચ જેટલો વરસાદ થયો હોવાના અહેવાલ છે.

રાજ્ય આપાતકાલીન સંચાલન કેન્દ્રએ જણાવ્યું કે, છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 143 તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં 32 તાલુકામાં 4 ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત બારડોલી તાલુકામાં સવા નવ ઈંચ, ખંભાળિયામાં નવ ઈંચ, માણાવદર માં પોણા નવ ઈંચ, મળી કુલ ત્રણ તાલુકાઓમાં નવ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત 18 તાલુકાઓમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ તો 44 તાલુકામાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો. તેમ જ અન્ય 39 તાલુકામાં અડધા ઇંચથી વધુ વરસાદ નોંધાયાના અહેવાલ છે. રાજ્યમાં આ ૠતુમાં અત્યાર સુધી કુલ સરેરાશ વરસાદ 17.85 ટકા વરસાદ નોંધાયો છે.

.................

## STATE RAIN NUKSAN

હવામાન વિભાગની આગાહી મુજબ આજે રાજ્યના અનેક સ્થળે ભારેથી અતિભારે વરસાદના અહેવાલ છે.

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, નવસારી અને જલાલપોર તાલુકામાં વરસાદનું રેડ અને ઑરેન્જ એલર્ટને ધ્યાનમાં રાખી બંને તાલુકામાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવા વહીવટી તંત્રએ જાહેરાત કરી છે.

તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, સૌથી વધારે 4 ઈંચ વરસાદ વાલોડ તાલુકામાં નોંધાયો. અહીંના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ડોલવણ તાલુકાના આસોપાલવ ગામ નજીકના આંતરિયાળ ગામને જોડતા રસ્તા પર વિજ થાંભલો ધરાશાયી થતાં આ રસ્તાને બંધ કરવાની ફરજ પડી હતી.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે, હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યના 25 જિલ્લામાં ભારે તો આઠ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. નર્મદા, કચ્છ, રાજકોટ, વલસાડ, દેવભૂમિદ્વારકા, જુનાગઢ, ભાવનગર, અમરેલી, સુરત અને ગીરસોમનાથ જિલ્લામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – **NDRF**ની ટીમ તહેનાત કરવામાં આવી છે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, મહુવામાં સાડા પાંચ, જેસરમાં અઢી, તળાજામાં દોઢ, વલભીપુરમાં સવા એક, ઉમરાળા અને સિહોરમાં એક-એક ઈંચ વરસાદ નોંધાયો.

સુરતનાં અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, બારડોલીથી માંડવીને જોડતા રાજ્ય રાજમાર્ગ પર રાયમ ગામ નજીકના રસ્તા પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહારને અસર થઈ છે.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, સવારથી હળવા વરસાદી ઝાપટાં વરસતાં લોકોમાં આનંદની લાગણી છવાઈ છે.

ભરૂચના અમારા પ્રતિનિધિ વાહિદ મશદી જણાવે છે કે, છેલ્લા 24 કલાકમાં હાંસોટમાં 4, અંકલેશ્વરમાં સાડા ત્રણ ઈંચ, ભરૂચ તાલુકામાં અઢી ઈંચ વરસાદ નોંધાયો.

ભારે વરસાદને લઈ વલસાડ વહીવટી તંત્રએ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી છે.

નર્મદાના અમારા પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે કે, નાંદોદ તાલુકાના રામપુર ખાતે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – **NDRF** અને ગરુડેશ્વરના ગોરા ખાતે રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ – **SDRF**ની ટીમ અદ્યતન સાધનો સાથે તહેનાત રાખવામાં આવી છે. આ ઉપરાંત નર્મદા ડેમની જળસપાટી 119.40 મીટરે પહોંચી ગઈ છે. અહીં ઉપરવાસમાંથી પાણીની 35 હજાર 371 ક્યૂસેક આવક નોંધાઈ છે.

--------

## STATE RAIN OVERALL

સૌરાષ્ટ્રમાં રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સાર્વત્રિક વરસાદ અહેવાલ છે. રાજ્ય આપાતકાલીન સંચાલન કેન્દ્રના સવારે 6 વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધીના અહેવાલ મુજબ આજે 146 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ચાર ઈંચ વરસાદ નવસારીના ચીખલી તાલુકામાં નોંધાયો. જ્યારે અરવલ્લીના ભિલોદા તાલુકામાં સવા ત્રણ ઈંચ, બનાસકાંઠાના

સુઈગામ અને વાવમાં, મહેસાણાના બેચરાજી અને ડાંગના વઘઈ તાલુકામાં અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો. આ ઉપરાંતના અન્ય જિલ્લાઓમાં સામાન્ય વરસાદ વરસ્યો છે.

---------------------------

## RAJKOT DHORAJI DAM

રાજકોટના ધોરાજી તાલુકામાં આવેલો ભાદર-2 ડેમ સો ટકા ભરાઈ ગયો છે. જેને કારણે કાંઠા વિસ્તારોથી દૂર રહેવા માટે હાઇ અલર્ટ જાહેર કરાયું છે. રાજકોટ સબ ડિવિઝનની એક યાદીમાં ભાદર-2ના ઉપરવાસમાં આવેલા ગામોને આ સંદેશ જાહેર કરાયો છે, તેમજ ગ્રામજનોને નદી કાંઠા વિસ્તાર અને પટમાં અવર-જવર નહીં કરવા કહેવાયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CRIMINAL LAW OVER ALL

રાજ્યભરમાં નવા ત્રણ ફોજદારી કાયદા અંગે લોકોને જાગૃત કરવા વિવિધ જિલ્લાઓમાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લા પોલીસે પરિસંવાદ દ્વારા મહિલા, બાળકો અને વરિષ્ઠ નાગરિકોને નવા કાયદાઓની માહિતી આપી.

છોટા ઉદેપુર જિલ્લામાં બોડેલી પોલીસ સ્ટેશન દ્વારા એ.એસ.પી. ગૌરવ અગ્રવાલની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં લોકોને જાગૃત કરાયા હતા.

દમણ પોલીસે વિવિધ પંચાયતો, શૈક્ષણિક સંસ્થાઓના અધિકારીઓ તેમ જ કર્મચારીઓને નવા ફોજદારી કાયદા અંગે માહિતગાર કર્યા.

-----------------

## GANDHINAGAR PRESS

લોકસભામાં ગઈકાલે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કરેલા નિવેદન અંગે ભાજપે પ્રતિક્રિયા આપી છે. પ્રદેશ ભાજપ કાર્યલય કમલમ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં  ભાજપના પ્રદેશ પ્રવક્તા યમલ વ્યાસ અને મીડિયા સહ કન્વીનર ઝુબિન આશરાએ રાહુલ ગાંધીના નિવેદનને વખોડી કાઢ્યું હતું.

ભાજપ પ્રદેશ મહામંત્રી રજની પટેલે રાહુલ ગાંધીના નિવેદનની ટીકા કરતા કહ્યું કે, હિન્દુ સમાજ સહિષ્ણુ અને અંહિસામાં માનનારો છે, જ્યારે રાહુલ ગાંધી આ વિશે ભ્રામક જૂઠાણું  ફેલાવી રહ્યા છે.

--------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................